# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-07-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Satursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## RAIN FORECAST

હવામાન વિભાગે આજે કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્રના અનેક વિસ્તારમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન માછીમારોને 22 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. તો કોઈ પણ કટોકટીને પહોંચી વળવા રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- N.D.R.F.ની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ- S.D.R.F.ની 20 ટુકડી વિવિધ જિલ્લામાં તહેનાત છે.

બીજી તરફ રાજ્યમાં આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 75 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ સવા ચાર ઈંચ જેટલો વરસાદ બનાસકાંઠાના દાંતા તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 51 ટકા જેટલો વરસાદ વરસ્યો છે.

બનાસકાંઠામાં વરસાદને લઈ ગામડાઓ તરફ જતાં કાચા-માર્ગો પર પાણી ભરાઈ ગયાનાં અહેવાલ છે.

. . . . . . .

# ARVALLI BRIDGE

અરવલ્લી જિલ્લામાં બાયડથી દહેગામ વચ્ચે ડાભા નજીક આવેલા વાત્રક બ્રિજ પર આગામી 15 દિવસ સુધી એક જ તરફ અવરજવર થઈ શકશે. વર્ષ 1975માં બનેલા આ બ્રિજનું નિરીક્ષણ કરાતાં આ નિર્ણય લેવાયો છે. આ માટે જિલ્લા કલેક્ટરે જાહેરનામું પણ બહાર પાડ્યું છે. વધુ માહિતી અમારા પ્રતિનિધિ પાસેથી.

**(V/C- ANKIT CHAUHAN, PTC, ARVALLI)**

. . . . .

# MEHSANA PAHEL

મહેસાણા મહાનગરપાલિકા અને એક ધાર્મિક સંસ્થા દ્વારા પવિત્ર શ્રાવણ માસને ધ્યાને રાખી વિશેષ પહેલ કરવામાં આવી છે. શ્રાવણના ચારેય સોમવારની રાત્રિએ શિવ મહિમાં અને લોક સંસ્કૃતિના કળાના વિવિધ કાર્યક્રમ યોજાશે , જે શહેરીજનો નિઃશુલ્ક નિહાળી શકશે. આ કાર્યક્રમમાં 75 જેટલા કલાકાર લોકોને વિસરાતી સંસ્કૃતિ, ભવાઈ કળા સહિતની કળાની પ્રસ્તુતિ કરશે.

. . . . . . . . . .

# AMRELI VAN VIBHAG

અમરેલીમાં વનવિભાગે તપાસ અભિયાન દરમિયાન વન્ય પ્રાણીના અંગો સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે , સાવરકુંડલા તાલુકાના સિમરણ ગામના રહેણાંક મકાનમાં વનવિભાગે તપાસ હાથ ધરી. દરમિયાન એક વ્યક્તિ પાસે વન્ય પ્રાણીના અંગો મળી આવ્યા હતા.

સાવરકુંડલા રૅન્ક ફૉરેસ્ટ ઑફિસર પી. એન. ચાંદુએ કહ્યું , આ અંગોને તપાસ માટે ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા - F.S.L.માં મોકલવામાં આવશે. હાલ વનવિભાગે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . .

# CHHOTA UDEPUR LOKARPAN

છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા ઘરેલુ રમતગમત સંકુલનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે સાંસદ જસુ રાઠવા અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. 41 લાખ રૂપિયાના ખર્ચે આ સંકુલનું આધુનિકીકરણ કરાયું છે. તેમાં બૅડમિન્ટન કૉર્ટ, ટૅબલ ટેનિસ, કૅરમ અને ચેસ જેવી રમત રમવા સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે સાંસદ જસુ રાઠવાએ વધુ માહિતી આપી.

(BYTE: JASU RATHVA, MP)

. . . . . .

# PANCHMAHAL TALIM

પંચમહાલના હાલોલમાં આવેલી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી- G.N.F.S.U. ખાતે આજે તાલીમ કાર્યક્રમ યોજાયો. વડોદરા ઝૉનના સાત જિલ્લાના પ્રાકૃતિક કૃષિ વિકાસ બૉર્ડના 81 કર્મચારીઓ માટે યોજાયેલી આ તાલીમનો ઉદ્દેશ પ્રાકૃતિક ખેત-પદ્ધતિના પ્રચાર અને અમલીકરણમાં કર્મચારીઓની ક્ષમતા વધારવાનો હતો.

આ પ્રસંગે G.N.F.S.U.ના કુલપતિ સી. કે. ટિંબડીયાએ તાલીમાર્થીઓને પ્રાકૃતિક ખેતીના મહત્વ અને ભવિષ્ય અંગે માર્ગદર્શન આપ્યું. તેમણે કહ્યું , પ્રાકૃતિક ખેતી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે વ્યાપક અભિગમ છે.

. . . . . .

# GIR SOMNATH RAID

ગીર સોમનાથમાં જિલ્લા પૂરવઠા તંત્રએ વેરાવળ , સૂત્રાપાડા અને ઉના તાલુકામાં વિવિધ જગ્યાએ આકસ્મિક તપાસ હાથ ધરી. અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે , તપાસ દરમિયાન શંકાસ્પદ સરકારી અનાજનો સાત લાખ 56 હજાર 90 રૂપિયાનો જથ્થો મળી આવતા તેને ટાંચમાં લેવાયો છે. પૂરવઠા તંત્રને શંકાસ્પદ સરકારી અનાજ સગેવગે કરાતું હોવાની માહિતી મળતા તપાસ હાથ ધરી હતી.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

.....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)